અપીલ અરજી નં.૯૩ તા.૧૮–૭–૦૮

અરજદાર: શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ
સામાવાળા:ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***હુકમ:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની આઈ.ડીનં.૨૫૧,૨૫૩ તા.૧૧–૬–૦૮ ની અરજીથી તા.૧૩–૫–૦૮ ના રોજ લેખીત આપી રજુઆત કરેલ સંમ્પાદન કાર્યવાહીમાં ખોટુ રેકર્ડ ઉભુ કરેલ છે તે બાબત. મુદ્દા નં.૧ થી ૪

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૩/૨૦૦૮–૦૯

શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની તા.૧૧–૬–૦૮ ની અરજીથી તા.૧૩–૫–૦૮ ના રોજ લેખીત આપી રજુઆત કરેલ સંમ્પાદન કાર્યવાહીમાં ખોટુ રેકર્ડ ઉભુ કરેલ છે મુદ્દા નં.૧ થી ૪ બાબતે નિયત સમયમર્યાદામા કોઈપણ માહિતી ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ અંગે કોઈ આધાર સમર્થન રજુ કરેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ મળ્યાના / મોકલ્યાના આધાર સહ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૨તા.૨૪–૭–૦૮ના રોજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ટીપીડી/આ.નં.૩૪૯૯ તા.૧૩–૮–૦૮ થી અરજદારને પૂરી પાડેલ માહિતી પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારે પોતાની આરટીઆઈ એકટ હેઠળની મુળ અરજીમાં અગાઉ કરેલ તા.૧૩–૫–૦૮થી કરેલ રજુઆત અને ફરીયાદ બાબતે મુળ અરજીમાં મુલાકાત અને ભરેલ પગલાની કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ છે. પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ આધાર પુરાવા કે તા.૧૩–૫–૦૮ ની મુળ અરજી રજુ કરવામાં આવેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવામાં આવેલી માહિતી જોતાં નં.ટીપીડી/આ.નં.૨૮૬૫ તા.૧૯–૭–૦૮ થી નિયત સમય અવધિ બાદ જરૂરી ફી ભરી અરજદારને માહિતી મેળવી લેવા જણાવેલ છે. જે માહિતી અરજદારને નં.ટીપીડી/આ.નં.૩૪૯૯ તા.૧૩–૮–૦૮ ના રોજ અરજદારને વિલંબથી મોકલાયેલ હોવાનું જણાય છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજદારને પાઠવેલ નકલોની વિગતો માંગવા છતાં અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી અરજદારને નં.ટીપીડી/આ.નં.૩૪૯૯ તા.૧૩–૮–૦૮ ના રોજ પૂરી પાડયાનું જણાય છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજના દિવસો દરમ્યાન સંબંધિત ફાઈલનું દફતરી નિરીક્ષણ કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ કરી શકે છે. અરજદાર તરફથી રજૂઆત થયે દિન–૭ માં જાહેર માહિતી અધિકારીએ તે મુજબ અમલવારી કરી પુર્તતા રીપોર્ટ અત્રે મોકલવા જણાવવામાં આવે છે. ફરીયાદ નિકાલ કે કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ,